# અતિશય પીડતા ભુતોથી ઈસુએ બાળકને સાજો કર્યો.

**પ્રાર્થના :** પ્રિય પ્રભુ, ઈસુના અધિકાર અને દયાથી દુષ્ટાત્માઓથી અમારા બાળકોને બચાવી તમારા પર વિશ્વાસ કરવા માટે સહાય કરો.

બાળકોની ઉંમર અને તેમની જરૂરિયાતો મુજબ તેમને શીખવવાની પ્રવૃતિઓમાંથી કોઈ પણ એક પંસદ કરો .



મોટો બાળક અથવા શિક્ષક **માર્ક ૧:૧૪-૨૦** વાંચે અથવા કહે કે ઈસુએ કેવી રીતે એક બાળકને સાજો કર્યો આ વાર્તા બતાવે છે કે શેતાની તાકાત સામે ઈસુ કેવી શકિત ધરાવતા હતા.

વાર્તા કહ્યા બાદ **આ પ્રશ્નો પૂછો**

- દરેક પ્રશ્ન બાદ જવાબ આપેલા છે ઈસુ ના આવ્યા પહેલા શિષ્યો શુ કરતા હતા ?(જવાબ - તેઓ પ્રાર્થનાને બદલે વિવાદ કરતા હતા કલમ -૧૪ જુઓ)
- શેતાન કેવી રીતે બાળકને સતાવતો હતો ? (કલમ ૧૭-૧૮ અને ૨૨ જુઓ)
- આપણે શેતાની શકિત સામે લડવા શું કરવુ જોઈએ (વિશ્વાસ. કલમ ૨૩ જુઓ).
- ઈશ્વર પર વિશ્વાસ રાખવા આપણને કોણ મદદ કરે છે ?(૨૪ મી કલમ જુઓ).
- આપણે કોની શકિત વડે શેતાનની સામે ઉભા રહી શકીએ ? (પ્રાર્થના વડે ઈશ્વરની શકિતમાં કલમ ૨૯ જુઓ).

ઈસુ એ કેવી રીતે શેતાન કે જે બાળકને અંત્યત પીડતો હતો તેનાથી છુટકો અપાવ્યો (સાજો) કર્યો તે વિષેની મુખ્ય ભકિતસભા માં વાર્તાનુ **નાટય રૂપાંતર કરો.** આ નાટક ભજવવા માટે આગેવાન સાથે વ્યવસ્થા ગોઠવો. બાળકોને આ નાટક તૈયાર કરવા તમારો સમય ફાળવો. તમારે બધા જ પાત્રો ઉપયોગમાં લેવાની જરૂર નથી મોટા બાળકો નાનાને મદદ કરે.

- મોટા બાળકો અથવા સભ્યો કથાકાર અને પિતાના પાત્રો ભજવે. ઉદ્‌ઘોષક વાર્તાને ટૂંકી કરી બાળકોને શું કહેવુ અને શું કરવુ તે યાદ રાખવા મદદ કરે. નાના બાળકો, છોકરો માતા અને ભાઈઓના અને બહેનના પાત્રો ભજવે.



**ઉદ્‌ઘોષક** : માર્ક ૧૪-૨૧ માંની વાર્તાનો પ્રથમ ભાગ કહે પછી બોલે,પિતા કહે તે સાંભળો,

**પિતા** : જૂઓ, આપણા બાળક સાથે હું ઘેર આવી ગયો છું.

**છોકરો** : ઈસુએ મને સાજો કર્યો. તમે ઈસુને મળો તેવી મારી ઈચ્છા છે.

**માતા** : સ્વામીજી શું આ સત્ય છે ? આ તો નાનું બાળક હતો ત્યારથી શેતાન તેને અત્યંત પીડતો હતો.

**ભાઈઓ અને બહેનો :** ''આ કેટલુ ભયજનક હતું તે અમને યાદ છે.''

''તેના મોઢામાંથી ફીણ નીકળીને નીચે પડતુ હતું.''

''તે ઘણી વખત અગ્નિ'' અથવા

''પાણીમાં પડયો હતો.''

‘‘તે લગભગ મરેલો હતો’’

‘‘મને રડવું આવતું’’

**પિતા** : ‘‘કોઈએ મને સહાય ના કરી મેં ઈસુના શિષ્યોને પણ કહ્યું પણ તેઓ કશુ કરી શકયા નહિ.’’

**ઉદ્‌ઘોષક** : વાર્તા બીજો ભાગ માર્ક ૯ઃ ૨૩-૨૯ માંથી કહે છે પછી બોલે ‘‘પિતાનું સાંભળો’’

**પિતા** : મેં ઈસુની મદદ માંગી અને તેમણે કરી.

**માતા** : ‘‘ ઈસુએ તેને કેવી રીતે સાજો કર્યો ?’’

**પિતા** : ‘‘વિશ્વાસ કરનારને બધુ જશકય છે તેવું પ્રથમ તેમણે કહ્યુ પણ હું વિશ્વાસનો નબળો છું તેથી મને વિશ્વાસ કરવા માટે મદદ કરવા કહ્યું’’

**છોકરો** : ‘‘શેતાને મને નીચે ફેંકી હલાવી નાંખ્યો. મને બેભાન બનાવી દીધો તેઓએ હું મરી ગયો છુ એવું કહ્યું’’

**માતા** : છોકરાને ભેટે છે પછી બોલે, અરે, બિચારો દીકરો.

**છોકરો** : ‘‘ ઈસુએ જવાનુ અને કદી પાછા નહી આવવા કહ્યું. ઈસુએ મારા હાથ પકડી મને ઉંચો કર્યો.’’

**માતા** : ‘‘ઈશ્વરની સ્તુતિ થાઓ.’’

**છોકરો** : ‘‘હવે હું બરાબર બોલી શકું છું.’’

**માતા** : ‘‘શિષ્યો કેમ તને સાજો કરી શકયા નહી ?’’

**પિતા** : ઈસુએ કહ્યુ કે તેઓ ઈશ્વરની શકિતમાં વિશ્વાસ રાખતા નથી અને પ્રાર્થના કરતા નથી.

**ભાઈઓ અને બહેનો :** આવી રીતે અમે ઈસુમાં વિશ્વાસ રાખવા ચાહિએ છીએ’’

‘‘અમારો વિશ્વાસ દ્રઢ કરવા તેને કહેવા ચાહીએ છીએ.’’

‘‘બધા જ દુષ્ટ આત્માઓ કરતાં ઈસુ બહુ જ શકિતશાળી છે.’’

**ઉદ્‌ઘોષક** : નાટક પૂરૂ થયા પછી જેઓ એ મદદ કરી તે બધાનો આભાર માને.

નાટક દર્શાવ્યા પછી ઉપરોકત પ્રશ્નો સભાસદોને બાળકો પૂછે.

ઈસુએ લોકોને ભૂતોથી છોડાવ્યા હોય તેવા બીજા દાખલા બાળકોને આપવા જણાવો.બાળકો અને સભાસદોને દાખલા આપવા દો.



પ્રાર્થના કરતા વ્યકિતનુ **ચિત્ર દોરો** બાળકો તેની નકલ કરે.

- બાળકો તેમના ચિત્રો ભજનસેવા વખતે સભાસદોને દેખાડી સ્પષ્ટ કરે કે ઈસુ ની શકિતથી આપણે કેવી રીતે શેતાની શકિત સામે ઉભા રહી શકીએ છીએ.
- જો તમે ચાહોતો ઉપર મુજબ પડી ગયેલા છોકરાનું ચિત્ર દોરે અથવા રંગ પૂરે.
- મોટા બાળકો કબર, શબપેટી અથવા કબ્રસ્તાન અથવા બીજી મરણની નિશાની દોરી અને સ્પષ્ટ કરે કે ઈસુએ ફક્ત શેતાનને અને બીજા દુષ્ટ આત્માને જીત્યા નથી પણ મરણને પણ જીત્યા છે.

મોટા બાળકો આપણને ઈસુ કેવી રીતે શેતાનથી છોડાવે છે,તે વિષે કાવ્યો,ગીતો અને નાટક લખે.

**કાવ્ય :** ત્રણ બાળકો ગી.શા ૩ઃ૩-૫ ગોખો અને દરેક એક એક કલમ બોલી જાય

યાકુબ ૪ઃ૭ **મુખપાઠ કરો.**

**પ્રાર્થના :** ‘‘વહાલા પ્રભુ, ફકત તમેજ સર્વશકિતમાન છો. તમે જ શેતાનના બળોથી અમને છોડાવો છો.તમારા પ્રેમથી અમને કોઈ જુદા પાડી શકે નહિ અમે તમને ચાહીએ છીએ અમને તમારા વિષે અમારા મિત્રોને જણાવવા માટે અમને સહાય કરો.’’